શ્રી ક્ષત્રિય એસોશિએશન યુ.કે
૩૦ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજે આયોજીત વાર્ષિક
સામાન્ય સભાની મિનિટસનો સારાંશ

સ્થળઃ એસ કે એ હોલ, ૨ એ વીલીઅર્સ રોડ — સમયઃ બપોરના ૩ઃ૪૦ વાગે
સભાના અધ્યક્ષઃ અનિલ હઝરતવાલા
મિનિટસઃ કિરણ કાપડીઆ
સભા ચાલુ થઇ ત્યારે હાજર સદસ્યોની સંખ્યાઃ ૬૪
સભામાં હાજર સદસ્યોની કુલ સંખ્યાઃ ૯૬

મુદ્દાઓઃ ન્યુઝલેટરમાં છાપ્યા મુજબ
૧. ગત વર્ષની મિનિટસની મંજુરી
૨. ૩૧માર્ચ ૨૦૦૭ના એકાઉન્ટસની મંજુરી
૩. ઓડીટર્સની નિમણુંક
૪. ક્ષત્રિય જ્ઞાતિ સમાજના સભ્યો કોણ? એ વિશે ચર્ચા અને બંધારણમાં તે બાબતમાં સુધારો
૫. કારોબારી કમિટિ, ભવિષ્યમાં કાર્યવાહી કરવાની યોજના
૬. અન્ય વિષયો

૧. ગત વર્ષની મિનિટસની મંજુરી

અનિલ હઝરતવાલા એ સભાની શરૂઆત કરતા સર્વે જ્ઞાતિજનોનું સ્વાગત કર્યુ. તૈયાર કરવામાં આવેલ મિનિટસમાં જો કોઈ ભુલ હોયતો તે બાબતમાં કમિટિનું ધ્યાન દોરશો.

એજીએમની મિનિટસ તથા એજીએમના મુદ્દાઓનું વાંચન ભાવિન ખત્રી એ કર્યુ હતું.

એજીએમની મિનિટસને મહેન્દ્ર કાબાવાલા, હરિવદન કાબાવાલા અને ઇશ્વરલાલ ખત્રીએ પસાર કરી હતી.

૨. ૩૧માર્ચ ૨૦૦૭ના એકાઉન્ટસની મંજુરી

અનિલ જાદવે એકાઉન્ટસનું વાંચન કર્યુ હતું.

નવીન વખારીઆએ વાર્ષિક રિપોર્ટ છપાવવાની રકમ માટે ખુલાસો માંગ્યો હતો જે વિશે પ્રકાશ જરીવાલાએ સમજ પાડી હતી.

ગીરધર બલ્સારાએ આપણી પાસે બે લાખથી વધુ મિલ્કત છે, પણ આપણે માત્ર £૨૫૦૦ નું જ દાન કર્યુ છે તો ચેરિટિ કમીશનનું આ વિશે ગાઇડલાઇન્સ શું છે તે આપણને ખબર છે? અનિલ હઝરતવાલાએ જણાવ્યું કે આ પ્રશ્ન એકાઉન્ટસને લાગતો ના હોવાથી અન્ય વિષયમાં તે બાબતસર ચર્ચા કરીશું.

નવીન વખારીઆએ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૫ના રોજે ઇજીએમમાં મંજુરી મળેલ ડેઝીગ્નેટેડ બિલ્ડીંગ ફંડને મે ૨૦૦૭માં
ટ્રાન્સફર કર્યુ હતું તો આ બાબતમાં શા માટે મોડુ થયું હતું એવો સવાલ પુછયો હતો. અનિલ હઝરતવાલા એ જવાબમાં, બેંક ને સહી કરનાર વ્યકિતની હાજરી જોઇતી હતી, જયારે ત્યાં બધા ગયા ત્યારે બેંક બંધ હતી, બીજી બ્રાંચ માં ગયા તે બ્રાંચ બીઝનેસ એકાઉન્ટસ નહોતી સંભાળતી, જેવા કારણો સમજાવ્યા હતા. કારોબારીનું આવું કામ ઘણો સમય માંગે છે અને તે જે કોઇ કામ કરતું હોય તેના માટે મુશ્કેલ છે.

નવીન વખારીઆએ ગત એજીએમ માં ૩૫૦ ડીરેકટરી છપાવી હતી તેમ કહેવામાં આવ્યું હતું અને તેમની સાથે થયેલ કાગળના માધ્યમે થયેલ વાર્તાલાપમાં ૪૦૦ જણાવવામાં આવી હતી તે માટે ખુલાસો માંગ્યો હતો. અનિલ હઝરતવાલા એ ગત એજીએમ માં આંકડા જોયા વગર જવાબ આપ્યો હોવાથી ફેર પડયો છે એમ જણાવ્યું. વિવિધ ઉપસ્થિત મેમ્બરોએ પ્રિંટિંગ વિષયમાં પોતાના અનુભવો કહયા હતા.

મહેન્દ્ર ખત્રી અને મુકેશ ખત્રી એ એકાઉન્ટસને મંજુરી આપી હતી.
ઓડીટર્સની નિમણુંક
ભાવિન ખત્રી એ સભાને આ મુદ્દાની શરૂઆત કરતા પુછયું કે શું ગોર્ડન ફ્રેન્ટન અન્ડ કો ની ઓડીટર્સ તરીકે નિમણુંક કરવી જોઇએ?

પ્રકાશ જરીવાલાએ જણાવ્યું કે ઓડીટર્સ પર સમાજના કોઇ સદસ્યે ફોન કર્યો હતો અને આ રીતના ફોન આવતા રહેશે તો ઓડીટર્સ સંસ્થાને વધુ ચાર્જ કરશે.

અનિલ હઝરતવાલાએ કહયું કે આ એક વિશ્વાસનો સવાલ છે. આપણા ખજાનચી અનિલ જાદવ, જે એક એકાઉન્ટન્ટ છે, તથા તેમના કાર્યની ચકાસણી પ્રકાશ જરીવાલા કરે છે, જે પોતે પણ પોતાની પ્રેકટીશ ચલાવે છે. અંતમાં એકાઉન્ટસ ઓડીટર્સ પાસે જાય છે. ત્રણ વિવિધ પ્રકારના લોકો એકાઉન્ટસ ચેક કરે છે તો લોકો એ તેમના કાર્યમાં વિશ્વાસ રાખવો જોઇએ.

હરેન્દ્ર ખત્રી અને મહેન્દ્ર ગોહિલે ગોર્ડન ફ્રેન્ટન અન્ડ કો ની ઓડીટર્સ તરીકે નિમણુંક કરવા તરીકે પોતાની હા કહી હતી. અનિલ હઝરતવાલાએ એકાઉન્ટસ તૈયાર કરવામાં પ્રકાશ જરીવાલાની મહેનતની દાદ આપી હતી અને તેમનો આભાર માન્યો હતો.

ક્ષત્રિય જ્ઞાતિ સમાજના સભ્યો કોણ?
ભાવિન ખત્રી એ સભાને આ મુદ્દાની શરૂઆત કરતા કહયું કે ક્ષત્રિય જ્ઞાતિ સમાજના સભ્યો કોણ બની શકે તથા સંસ્થા દ્વારા આયોજીત કાર્યક્રમોમાં કોણ ભાગ લઇ શકે તે માટે કદાચ બંધારણમાં પરિવર્તન કરવું પડે. બંધારણનું વાંચન કરતા તેમણે કોણ સભ્ય બની શકે તે સમજાવ્યું.

અનિલ હઝરતવાલાએ કહયું કે કમિટિમાં પણ આ બાબતસર વિચાર કરવામાં આવ્યો હતો અને એમ તારણ કાઢવામાં આવ્યું હતું કે કોઇ પણ સભ્ય પરકોમમાં પરણે છે તો દંપતિને એસકેએના સભ્યજ ગણવામાં આવે છે. પણ તેમના બાળકોજો પરકોમમાં પરણે તો શું તેઓ આપોઆપ સંસ્થાનાસભ્ય ગણાય?

નવીન વખારીઆએ કહયું કે આ વિષયમાં કમિટિ કાયદાકીય સલાહ લે એવું ગત એજીએમ માં નકકી કરવામાં આવ્યું હતું તો શું આ વિશે કોઇ કાયદાકીય સલાહ લીધી છે? ભાવિન ખત્રી એ જણાવ્યુ કે આ વિશે કમિટિમાં ચર્ચા કરવામાં આવી હતી પણ આ મામલો ઘણો પેચીદો છે અને જયાં સમાજ આ વિષય પર નકકી નથી કરી શકતો તો કમિટિ કયા હિસાબે કાયદાકીય સલાહ લે?

મહેન્દ્ર કાબાવાલા- બદલાતા સમય સાથે આપણે બદલાવાની જરૂર છે. પરકોમમાં પરણેલ છોકરા, છોકરીઓના મા બાપોને સંસ્થાના કાર્યક્રમમોમાં આવવા માટે કમિટિને છુટ હોવી જોઈએ.

જય ગોહીલ- આ વિશે સ્કાય મિટિંગમાં ચર્ચા થઇ હતી અને જ્યાં આપણે લોકો તેમના મિત્રોને લાવે છે તે રોકી નથી શકતા તો પરકોમમાં પરણેલ લોકોના વાલીઓ પર કેવી રીતે બંધન મુકી શકીએ? જે કોઈ આવવા માંગતું હોય તે મહેમાન તરીકે આવી શકવા જોઇએ. આપણા સમાજ ના કાર્યક્રમોમાં જો તેઓ રસ ધરાવે તો તે સારૂં કહેવાય.
જીતેન્દ્ર ખત્રી- આ સવાલ માત્ર સાસુ સસરા કે તેમના બાળકોનો નથી પણ સર્વે સાસર પક્ષના લોકો માટે છે. એમના મંતવ્ય પ્રમાણે પરકોમમાં પરણેલ છોકરાઓના વાલીઓને આવવા દેવા જોઈએ.
મહેશ ખત્રી- આપણે બધા પરકોમના પ્રોગ્રામોમાં જઇએ છીએ કે નહીં? આપણે શા માટે તેઓ પાસેથી દાન પણ સ્વીકારીએ છીએ? જો આપણે તેમને નહીં આવવા દેશું તો તેઓ આપણા સમાજ વિશે શું વિચારશે?

હીનેશ ખત્રી- સાસુ સસરાને આવવા દેવા જોઈએ. મારી બેન પરન્યાતમાં પરણેલ છે તો તેના બાળકો મહોત્સવ જેવા પ્રસંગે ભાગ લે તો તે જોઇ તેના સાસુ સસરાને આનંસ થાય છે.

રતીલાલ કાપડીઆ- આપણી સંસ્થાનું નામ ક્ષત્રિય મિત્ર મંડળ છે, જો આપણે બહારના લોકોને આવવા દેશું તો ૨૫ વર્ષ બાદ કદાચ સંસ્થાનું નામ પણ બદલવું પડે.

મહેશ ખત્રી- હું કમિટિના કોઇને દોષ નથી આપતો પણ હું માત્ર સવાલ પુછતો હતો કે મારી દિકરીના સાસુ સસરા આવી શકે કે નહીં?

મહેન્દ્ર કાબાવાલા- એમનું મંતવ્ય છે કે આમ જો બહારના લોકોને આવવા દેશું તો હોલ મોટો લેવો પડશે. નવરાત્રી અને મહોત્સવ જેવા પ્રોગ્રામોને કંટ્રોલ કરવા મુશ્કેલ થઇ પડશે.

અનિલ હઝરતવાલા- મહેન્દ્ર કાબાવાલા અને રતિલાલ કાપડીઆ કહી ગયા એ વાત પર ખાસ ધ્યાન આપવું જોઇએ. કમિટિના સદસ્યોને વહીવટ ચલાવવામાં બહુ જ મુશ્કેલીઓ પડશે. જો ખબર નહી હોય કે કેટલા લોકો આવવાના છે તો મહોત્સવ જેવા પ્રસંગો પર રસોઇ કેવી રીતના ઓર્ડર કરીશું? કોચ ટ્રીપ જેવા કાર્યક્રમો, જેમાં સંસ્થા તરફથી મેમ્બરાને સ્બસીડાયસ ભાવ આપવામાં આવે છે, તેમાં જો મેમ્બરોને ના પાડવી પડે અને જેઓ મેમ્બર નથી તેઓને લઇ જઇએ તો આજની એજીએમમાં ઓર કોઇ આ સવાલ આપણી સમક્ષ લાવે.

ત્યાર બાદ કોણ સંસ્થાના પ્રોગ્રામોમાં આવી શકે, કોણ સદસ્ય બની શકે, સભ્ય ફી ભરના સદસ્યો માટે શું વ્યાજબી ગણાય, જે સદસ્ય ન હોય તેઓ સબ્સીડાયઝ પ્રોગ્રામોમાં ફુલ ફી આપે જેવા વિચારો પર ચર્ચા થઇ હતી.

ભાવિન ખત્રી- મોટા ભાગના ઉપસ્થિત લોકો, પરકોમમાં પરણેલ બાળકોના સાસુ સસરાને સંસ્થા દ્વારા આયોજીત પ્રોગ્રામોમાં આવવા દેવા સહમત થાય છે. જે કોઇના દિકરા દિકરી પરકોમમાં (ક્ષત્રિય સમાજની બહાર) પરણે તો તેમના સાસુ સસરાને સંસ્થા દ્વારા આયોજીત પ્રોગ્રામોમાં આવવા દેવાની પરવાનગી આપવામાં આવશે એવો ઠરાવ તેમણે સભાજનો સમક્ષ રજુ કર્યો.

આ ઠરાવને લગભગ ૮૫ ટકા લોકોએ હાથ ઉચા કરી મંજુરી આપી હતી.

ભાવિન ખત્રી- ઉપરના ઠરાવના સદસ્યો પાસે મેમ્બરશીપ ફી લેવી જોઈએ કે નહીં?

હીતેશ હઝરતવાલા- બહુ લાંબુના વિચારીએ પણ હાલની પરિસ્થિતિમાં શું બરાબર લાગે છે તે પ્રમાણે પગલા લેવા જોઇએ. જો તેમને મેમ્બરશીપ આપીશું તો અધિકારો આપવા પડશે નહીંતો અલગ મેમ્બરશીપની રચના કરવી પડશે.

જય ગોહીલ- તેઓ બમણી સભ્ય ફી આપે એવો સ્કાયનો અભિપ્રાય છે. તેઓને રૂચિ હશે તો સભ્ય ફી આપશે.

અનિલ હઝરતવાલા- આપણે સ્કાયના વિચારો પર ધ્યાન આપવું જોઇએ કારણકે ભવિષ્યમાં તેમણે જ આવનાર તકલીફોનો સામનો કરવો પડશે. તેમણે પરકોમમાં પરણેલ છોકરાઓના સાસુ સસરા માટે અલગ પ્રકારની મેમ્બરશીપ કરવા તથા તેમના માટે સભ્ય ફી વધારે રાખવા, તથા સબ્સીડાયઝ પ્રોગ્રામોમાં ફુલ ફી આપે, એજીએમમાં હાજરી ના આપી શકે, વોટિંગ અધિકાર ન હોય તથા કમિટિમાં ના રહી શકે એવો પ્રસ્તાવ મુકયો.

કિરણ જાદવ- આવા મેમ્બરો પાસેથી વધુ ફી નહીં લેવી જોઈએ. તેઓ આમ મેમ્બરો જેટલી અથવા ઓછી આપે પણ તેઓને વોટિંગનો તથા કમિટિમાં રહેવાનો અધિકાર ન હોય.

ત્યાર બાદ આ વિષયમાં ઘણી ચર્ચા થઈ હતી.

હરીશ સોલંકી - શું આ મેમ્બરશીપ ખાલી હિંદુઓ માટે જ હશે?

ભાવિન ખત્રી- બંધારણ નો ફકરો વાંચી સંભળાવ્યો જે હિંદુ ધર્મને તથા તેની સંસ્કૃતિને જાળવી રાખવાનું કહે છે.

હરીશ સોલંકી - જો બીજા ધર્મના લોકોને આવવા દેશું તો સંસ્થાનું નામ પણ બદલાવું પડશે.

ચંદ્રકાંત દમણીયા - ભુતકાળમાં આપણી જ જ્ઞાતિનો એક ભાઇ મહોત્સવ વખતે ઉભા થઈને લોકોને મુસલમાન ધર્મ અપનાવવાની વાત કરવાનો હતો. આવું ના બને એની આપણે તકેદારી રાખવી જોઈએ.

ત્યાર બાદ આ વિષયમાં ઘણી ચર્ચા થઈ હતી.

અનિલ હઝરતવાલા-આ વિષયમાં એટલા બધા મંતવ્યો છે કે બધા એક સાથે એક પ્રસ્તાવમાં નહીં મુકી શકીએ. પરકોમમાં પરણેલના સાસુ સસરાઓ માટે મહેમાન મેમ્બરશીપ રાખવામાં આવશે. તેઓ સંસ્થાના પ્રોગ્રામોમાં હાજરી આપી શકશે પણ તેઓને વોટિંગનો અધિકાર નહીં હોય, તેઓ એજીએમમાં હાજરી નહીં આપી શકે તથા તેઓ કમિટિમાં પણ નહીં રહી શકશે. તેઓને ન્યુઝ લેટર મોકલવામાં આવશે.

આ ઠરાવને લગભગ ૮૫ થી ૯૦ ટકા લોકોએ હાથ ઉચા કરી મંજુરી આપી હતી.

અનિલ હઝરતવાલા- મહેમાન મેમ્બરશીપ ના લોકો હિંદુ ધર્મને પાળનારા તથા તેની માન્યતાઓને માનનારા હશે.

આ ઠરાવને બહુમતિથી લોકોએ હાથ ઉચા કરી મંજુરી આપી હતી.

ઊપરના ઠરાવો આવતી એજીએમ પહેલા ન્યુઝ લેટરમાં છાપવામાં આવશે તથા તે વિષયમાં આવતી એજીએમમાં વોટ લેવામાં આવશે. આજના ઠરાવોને સુચના તરીકે અમલમાં લાવી શકાશે.

<u>કારોબારી કમિટિ, ભવિષ્યમાં કાર્યવાહી કરવાની યોજના</u>

ભરત વખારીઆએ કહયું કે સોશીયલ ઇવનીંગમાં કમિટિ સિવાય આવનાર લોકો તરફથી જરા પણ મદદ નથી મળતી આથી કમિટિએ સોશીયલ ઇવનીંગ બંધ કરવાનો વિચાર કર્યો છે. જ્યારે ખાવાનું રાખવામાં આવે છે ત્યારે જ લોકો આવતા હોય છે. સોશીયલ ઇવનીંગનો હેતુ લોકોને મળવા નો છે નહીં કે ખાવા પીવાનો.

વિનોદ ખત્રી એ કહયું કે પ્રશ્નનો હલ લાવવાનો વિચાર કરવો જોઇએ નહીં કે બંધ કરવાનો.પહેલા જો સો લોકો આવતા હતા તો હવે કેમ નથી આવતા? જોઇએતો બહારથી ખાવાનું મંગાવો, સ્બસીડી આપો. સંસ્થા પાસે પૈસા છે તેનું શું કરવાના છીએ? આટલે સુધી આવી બે ડ્રીંકસ પીને રાત્રે નવ વાગે ઘરે જઇ ખાવાનો શું અર્થ? ઘણા ઉપાયો છે, તમે માત્ર ખુરસી પર બેસવા માટે નથી.

ગીરધર બલસારા એ કહયું કે બહારથી ખાવાનું મંગાવવું જોઇએ.

ચંદ્રિકાબેને કહયું કે સોશીયલ ઇવનીંગમાં જ્યારે માત્ર ડ્રીંકસ જ રાખવામાં આવે છે ત્યારે ઘણી વાર પાંચથી દસ પુરુષો જ હોય છે. એક પણ બહેનો નથી આવતી. આ ખોટું છે. એકવાર ઘરેથી પણ ખાવાનું લાવવાનો અખતરો કર્યો હતો પણ તેમાં પણ કોઇ નહોતું આવ્યું. ઘણા લોકો તો નવ વાગે આવે અને ખાયને જતા રહે છે.

ભરત વખારીઆએ કહયું કે કમિટિને સોશીયલ ઇવનીંગ રાખવાનો વાંધો નથી. બહારથી ખાવાનું મંગાવવાનો પણ અખતરો કરી ચુકયા છે પણ લોકો વધારે પૈસા આપવા તૈયાર નથી. જ્યારે ખાવાનું બચે છે ત્યારે લોકો એમ પણ બોલે છે કે કમિટિ પોતાના માટે ખાવાનું ઘરે લઇ જાય છે.જે બોલે છે તેઓ તેમના નામ લખાવે તો સોશીયલ ઇવનીંગ ચાલુ રહેશે. સ્બસીડાઇઝ કરશું તો હોલ નાનો પડશે.

ભાવિન ખત્રી એ કહયું કે અનિલ હઝરતવાલાએ ગયા મહોત્સવમાં આ બાબતસર ઉલ્લેખ કર્યો હતો, ન્યુઝ લેટરમાં પણ છાપવામાં આવ્યું હતું તથા ગત એજીએમમાં પણ આ વિષયમાં ચર્ચા કરવામાં આવી હતી પણ તેમ છતા કોઇનો રીસ્પોન્સ નથી આવ્યો. વિનોદભાઇ જ્યારે બોલી જાય છે કે તમે ખુરશી પર બેસવા માટે નથી ત્યારે એવું સાંભળી ઘણું જ દુઃખ થાય છે. સંસ્થા ચલાવવા માટે અમો કેટલા સમયનો ભોગ આપીએ છીએ તે તમો નથી જાણતા. આ કમિટિમાં રહેવા માટે ૧૧ જણા નથી મળતા. સંસ્થાના મુખ્ય હેતુઓ શું છે? મહોત્સવ, નવરાત્રી અને દિવાળી. સોશીયલ ઇવનીંગમાં ખાવાનું રાખીએ છીએ તો પણ માત્ર ૪૦ જણ જ આવે છે. હું શા માટે મારી ફેમીલિ લાઇફ નો ભોગ એના માટે આપું.

મહેન્દ્ર કાબાવાલાએ કહયું કે ટીકા કરવી સહેલી છે. આ ખુરશીના કોઇ ફાયદા નથી. તેમના પ્રશ્નો તમે સાંભળવા નથી માંગતા અને તમે એમની ટીકા કરો છો. સ્બસીડી આપવાનો કોઇ ફાયદો નથી.

વિનોદ ખત્રી એ કહયું કે તેમને સમજ્વામાં લોકો ભુલ કરી રહયા છે. કમિટિએ સમાજની પ્રગતિ માટે વિચારવું જોઇએ નહીં કે આવા પ્રોગ્રામોને બંધ કરવાનું. લેસ્ટામાં આનાથી પણ નાના સમાજમાં મહિનામાં એકવાર ગેધરીંગ થાય છે. બહારથી પીરસવા માટે અને મદદ માટે માણસો મળી રહે છે તો તેને બોલાવવા જોઇએ.

અનિલ હઝરતવાલાએ કહયું કે જ્યારે સ્બસીડી આપીએ છે તો લોકો કહે છે કે કોસ્ટ થઇ હોય તે જ ચાર્જ કરવો જોઇએ. બધાને ખુશ રાખવા મુશ્કેલ છે. કમિટિમાં આ વિશે ચર્ચા થાય છે. કિરણ અને ભાવિન કહી ગયા તેમ મહિનાના બે શુક્રવાર આમ જ નીકળી જાય. તેમના પરિવારમાં નાના બાળકો છે તેમની સાથે પુરતો સમય નથી ગાળી શકતા. લોકોએ આગલા દિવસે શોપીંગ કરવા જવું પડે, સોશીયલ ઇવનીંગની સાજે હોલ પર જલ્દી આવવું પડે. લોકો ટેબલ પર તેમની પ્લેટ પણ નથી ઉચકતા. ત્મારા જેવા લોકો કે જે કામ નથી કરતા તેઓએ આગળ પડી પોતાના નામ લખાવવા જોઇએ અને સોશીયલ ઇવનીંગ પતે ત્યાં સુધી રહેવું જોઇએ.
જતીલ દમણીયાએ કહયું કે કમિટિ સોશીયલ ઇવનીંગ બંધ કરવા નથી માંગતી પણ આ દસ લોકો જ નવરાત્રી મહોત્સવ અને સોશીયલ ઇવનીંગ નું આયોજન કરે તે ખોટું કહેવાય. સ્કાયમાં પણ આ જ રીતના પ્રોબ્લેમો થાય છે. લોકોએ કામ કરવા પોતાના નામો નોંધાવા જોઇએ.

ભાવિન ખત્રી એ લોકો તરફથી આવતા કાગળો વિશેના મુદ્દાની શરૂઆત કરી. હાલની તથા ભુતકાળની કમિટિ પર લોકો તરફથી ડીમાન્ડ કરતા કાગળો આવે છે અને તેમને જ્વાબ ના આપતા ફોન કરી તથા ઘરે આવી હેરાન કરે છે. અમે આ ખોટો સ્ટ્રેસ શું કામ સહન કરીએ?

પ્રકાશ જરીવાલાએ કહયું કે જેઓ કાગળ લખે છે તેઓ કમિટિને હેરાન કરવા માંગતા હોય છે. કમિટિ એક કાગળ લખે તો તેનો પાંચ પાનાનો જ્વાબ આવે છે. તેઓ પાસે સ્પેર સમય લાગે છે તો શા માટે કમિટિમાં નથી જોડાતા, જ્વાબ મળી જશે. મારા પરિવારમાં નાના છોકરાઓ છે અને આવા કાગળોના જ્વાબ આપતા કંટાળી જઇ મેં રાજીનામું આપ્યું હતું.

મહેન્દ્ર કાબાવાલાએ કહયું કે આપણે લોકોને કાગળો લખતા નહીં રોકી શકીએ પણ એમના કાગળોના જ્વાબ આપવાની કોઇ જરૂર નથી. એમને લાગે તો એજીએમમાં સવાલ પુછી શકે છે.

કિરણ કાપડીઆએ કહયું કે એક વ્યકિત પાસેથી છ થી સાત કાગળો ગયા મહિને તેના પર આવ્યા છે. ખોટા એડ્રેસે મોક્લ્યા હતા તો ઘરે આવી પોતે આપી ગયા. મને મંડળને મદદ મરવી છે આવા કાગળોને વાંચવાની કોઇ ઇચ્છા નથી. ગયા શુક્રવારે મારી બાર વર્ષની દિકરીએ હું મિટિંગમાં આવતો હતો તો મને કહયું કે ડેડી તમે તમારો ટાઇમ કમિટિમાં વેસ્ટ કરી રહયા છો અને તમારા ફેમિલીની સંભાળ નથી રાખતા. મને આ સાંભળી ઘણું જ દુઃખ થયું હતું. હું આ કાગળોના જ્વાબ નહીં આપું.
મહેન્દ્ર ગોહિલે કહયું કે આ લોકો ત્રાસ આપવા માંગે છે. આપણે તેમની મેમ્બરશીપ બંધ કરવી જોઇએ. મેં ૨૫ વર્ષ મંડળમાં કામ કરેલું છે એટલે મને ખબર છે કે કેટલું કામ હોય છે. સોશીયલ ઇવનીંગ ચાલુ રાખો, જોઇએ તો આગળથી બુકીંગ લો.

કિરણ કાપડીઆએ કહયું કે બહારથી ખાવાનું લાવીએ તો પણ એડમીન કામો કોણ કરશે? ખાધા પછી વાસણો કોણ સાફ કરશે? નામ નોંધાવવા માટે ફોન કરે તેની જ્વાબદારી કોણ લેશે? જ્યાં સુધી કોઇ જ્વાબદારી ના લે ત્યાં સુધી સોશીયલ ઇવનીંગ બંધ સાખવી જોઇએ.
અનિલ હઝરતવાલાએ કહયું કે પહેલા કરતા કામ ઘણું વધી ગયું છે. કાયદાકીય પ્રશ્નો વારંવાર આપણી સમક્ષ આવતા હોય છે. આપણે લોકો કહીએ કે આપણે હોલ પર જઇને રાંધીએ પણ બધાના પતી, પત્નિને ના કહી શકીએ કે તમે રાંધવા આવો. તેઓ કહેશે કે અમે કમિટિમાં લોકોને ખવડાવવા નથી જોડાયા.અનિલ જાદવ અને પ્રકાશ જરીવાલા વીકના પાંચ થી છ કલાક પોતાના સમયનો ભોગ આપે છે. આપણે નસીબદાર છીએ કે આવા લોકો છે. ભવિષ્યમાં કદાચ પ્રોફેશનલ લોકોને રાખવા પડશે.
ભાવિન ખત્રી એ કહયું કે માત્ર મુખ્ય પ્રોગ્રામો પર ધ્યાન આપવું જોઇએ.
અનિલ હઝરતવાલાએ કહયું કે કેમ યુવાન લોકો કમિટિમાં નથી જોડાતા એમ લોકો પ્રશ્ન પુછે છે? અમે સ્હાયના મેમ્બરોને દરેક મિટિંગમાં બાલાવીએ છીએ. તેઓ કહેછે કે તમે શા માટે આ બધું ચલવી લો છો અમે તો કાગળ ફાડીને ફેંકી દઇએ.

કમિટિ પર જો કાગળ આવશે તો જો કમિટિને યાગ્ય લાગશે તો જ તે કાગળનો જ્વાબ આપશે. આ ઠરાવ મેજોરીટી થી પસાર કરવામાં આવ્યો હતો.

<u>અન્ય વિષય</u>
મહેન્દ્ર કાબાવાલાએ કેટલા મેમ્બરો મેમ્બરશીપ ફી નથી ભરતા એવો પ્રશ્ન પુછયો.
અનિલ જાદવે કહયું કે ૧૨ થી ૧૫ જણા કદાચ નહીં આપતા હોય પણ તેઓ પણ અંતે ચેક મોકલતા હોય છે.
મહેન્દ્ર કાબાવાલાએ તેમના સવાલની ચોખવટ કરતા કહયું કે કેટલા લોકો એ વર્ષોથી મેમ્બરશીપ ફી નથી આપી.
અનિલ જાદવે કહયું કે એવી એક પણ વ્યકિત નથી.
કાંતિલાલ જાદવે પુછયું કે આપણી જ્ઞાતિમાં મેમ્બરો કેટલા છે અને આ વર્ષના મહોત્સવમાં થયેલ ચુંટણીમાં કેટલા લોકોએ વોટ આપેલા?
અનિલ હઝરતવાલાએ કહયું કે ૮૦૦ મેમ્બરો છે અને ૨૯૦ જેટલા લોકોએ વોટ આપ્યા હતા.
કાંતિલાલ જાદવે પુછયું કે શા માટે ઓછા લોકોએ વાટિંગ કર્યુ? ચુંટણી ના કાગળો આપનાર લોકોએ દરવાજા પાસે બેસવું જોઇતું હતું. તેઓ કમિટિને આ બાબતસર ભવિષ્યમાં તકેદારી રાખવા કહયું હતું.

<u>મીટીંગ પછીનો સુધારો</u>
*ગીરધરભાઇ બલસારા અને જીતેન્દ્ર ઠાકોરલાલના વાર્તાલાપની સંપૂર્ણ સ્કેન કોપી, જે ગુજરાતીમાં લખવામાં આવેલ છે, તરીકે મુકવામાં આવી છે અને તે એસકેએની વેબ સાઇટ પરથી મેળવી શકશો.*

ગીરધરભાઇ બલસારાએ તેમની કમિટિ સાથેની વાતચીત અને કમિટિનું તેમના પ્રત્યેની વાગણુંકનું વર્ણન કર્યુ હતું. તે વાતના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

- તેમણે શ્રીમતિ ઇંદિરાબેન ને મહોત્સવમાં વ્યકતાઓના ભાષણમાં દસ મિનિટબોલવા ફોન કર્યો
- ઇંદિરાબેને સેક્રેટરીને ફોન કરવા કહયું.
- ગીરધરભાઇએ બીજાઓને દસ મિનિટ બોલવાની છુટ આપી અને તેમને ના પાડી એ વિશે તેમની વિવિધ વાતો રજુ કરી હતી.

કમિટિના સદસ્યો અનિલ હઝરતવાલા, કિરણ નરહરી અને ઇંદિરાબેન કાપડીઆએ તેમની વાતની રજુઆત કરી કે ગીરધરભાઇની વાતમાં તથ્ય નથી. કમિટિએ તેમને વધુ બોલવા ના દેવાનું પહેલેથી નકકી નહોતું કર્યુ. મહોત્સવ સમયસર પુર્ણ થાય તે મુખ્ય હેતુ હતો.

<u>મીટીંગ પછીનો સુધારો</u>
*ગીરધરભાઇ બલસારાની સ્પીચ ના સમયે ધણો કોલાહાલ થતા અનીલા રતીલાલ મોતીરામે હાજર લોકોને એ વડીલ વ્યકિતને સાંભળવા અને તેમને જે બાલવું છે તે બોલવા દેવા વિનંતી કરી હતી..*

જીતેન્દ્ર ઠાકોરલાલે તેમણે કેવા સંજોગોમાં રાજીનામું આપ્યું અને કમિટિના સભ્યોએ તેમની તરફ કેવી વાગણુંક કરી તેનો ચિતાર આપ્યો હતો. તે વાતના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

- ઇન્વેનટ્રીનો સ્ટોક લીધો ત્યારે દરેક આઇટમની નોંધ નહોતી લેવામાં આવી.
- ઇન્સ્યોરન્સ ના માટે હોલ કેટલા લોકોને ભાડે આપી શકાય તેની માહિતી તથા હોલના ભાડે માટેની ટર્મસ એન્ડ કંડીશન વિશેની માહિતી એમને આપવામાં આવી નહોતી.
- રતિલાલ સોલંકી એ દિવાળી પાર્ટીમાં ડ્રીંકસનો ખર્ચો આપવાની વાત કરી તે વિશે દાનનો આંકડો કેટલો કહેવો જોઇએ એ માટે નવરાત્રીમાં મળેલ વિવિધ આંકડાઓ.
- પ્રવિણ જરીવાલા સાથે રિપોર્ટ વિષયમાં વાત કરવાની ના પાડવામાં આવી હતી.
- વર્કીંગ મેન્યુલ માટે પ્રમુખનું પ્રોત્સાહન પણ કમિટિના લોકોનો ઓછો ઇન્પુટ
- નવરાત્રીમાં મળતા આરતીના દાનને કોઇ ધર્માદામાં આપવા જોઇએ એવો તેમણે મુકેલ પ્રસ્તાવ
- કોચ ટ્રીપમાં કમિટિના સદસ્યોએ નામ નહોતા નોંધાવ્યા.
- છેલ્લી કમિટિ મીટિંગમાં તેમના પર વિવિધ આક્ષેપ મુકવામાં આવ્યા હતા. જેવાકે લોકો તારી હાજરીમાં ગભરાય છે, લોકો બરાબર ભાગ નથી લઇ શકતા.

ભાવિન ખત્રી એ કહયું કે જીતેન્દ્રભાઇ તમારી પર્સનાલીટી કલેશ થયેલ છે એ હું કબુલું છું. તમને લાંબા ઇ મેલ લખવાની આદત છે જે ના થકી આપણે કમિટિ તરીકે વધુ પ્રગતિ ના કરી શકયા. નાની વાતોને ઘણી વાર તમે બહુ ખેંચી હતી.
ચંદ્રકાંત દમણીયાએ કહયું કે જીતેન્દ્રભાઇને કાગળો લખવાની જુની આદત છે. આગલી કમિટિ એ જ્યારે તેમની સલાહ લીધેલ ત્યારે સલાહની જગ્યા પર ફાઇલો ભરીને કાગળો આવ્યા હતા જે વાતના ભુતકાળની કમિટિના સદસ્યો સાક્ષી છે. અમારી પાસે આવા કાગળોના જ્વાબ આપવાનો સમય નથી.
ભાવિન ખત્રી જીતેન્દ્રભાઇનો ઇમેલ વાંચે છે તથા મિટિંગમાં વાતના કરતા ઇમેલથી વધુ વાત કરવાને મોટો પ્રોબ્લેમ ગણે છે.
અનિલ હઝરતવાલાએ ગીરધરભાઇના આક્ષેપો પર ટુંકમાં જ્વાબ આપ્યો હતો. ગીરધરભાઇને ત્રણ મિનિટિથી સંતોષ ના હતો આથી પાર્ટીમાં તેમને પાંચ મિનિટ ની મંજુરી આપી.તો તેમણે ડીકટેટર કહી કમિટિને પુછવા કહયું. કમિટિએ ત્રણ જ મિનિટની મંજુરી આપી તો કહે પ્રમુખે તો પાંચની મંજુરી આપી હતી.
અનિલ હઝરતવાલાએ જીતેન્દ્રભાઇના આક્ષેપો પર જ્વાબ આપ્યો હતો. જીતેન્દ્રભાઇને તેમણે ટેલેન્ટેડ વ્યકિત કહયા હતા તથા વર્કીંગ મેન્યુલ દર મિટિંગમાં કેરી ફોર્વર્ડ કરવામાં આવવાના કારણો આપ્યા હતા. જીતેન્દ્રભાઇ પાસેથી સોફટ કોપી માંગવામાં આવી છે જેથી ફરી ટાઇપ ના કરવું પડે. તેમણે બીજા ઘણા મુદ્દા પર તેમના વિચારો રજુ કર્યા. ગત વર્ષની એજીએમની મિનિટસ કેવા સંજોગોમાં તૈયાર કરવામાં આવી હતી તેનો આછો ચિતાર આપી જીતેન્દ્રભાઇના પરિશ્રમને બીરદાવ્યું હતું.તે મિનિટસ ના લીધે પ્રોબ્લેમો ચાલુ થયા હતા એમ જણાવ્યું. તેમણે એ વિશે જીતેન્દ્રભાઇના ઇ મેલ તથા કિરણ કાપડીયાના જ્વાબ ની વાત કરી. જીતેન્દ્રભાઇના એક ઇ મેલ જેમાં સંસ્થા કદાચ દેરકાયદેસર ચાલી રહી છે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે માટે કમિટિએ માંગેલ ખુલાસાનો ઉલ્લેખ કર્યો.તે વાત માટે હા કે ના નો જ્વાબ હજુ નથી મળ્યો. જીતેન્દ્રભાઇના મિટિંગમાં વાત પર ન બોલવાનું પણ મિટિંગ બાદ લાંબા કાગળ લખવાની સ્ટાઇલને તેમણે કનડગત ગણી હતી.

ચંદ્રકાંત દમણીયાએ નવરાત્રીની તારીખોની જાહેરાત કરી પ્રસાદ વિશે અમુક જાહેરાત કરી હતી.

સભા રાત્રે ૯:૧૫ વાગે સમાપ્ત થઇ હતી.

મંજુરી આપનાર ઃ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
અનિલ મોહનલાલ - પ્રમુખ

મંજુરી આપનાર ઃ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
કિરણ નરહરી  કાપડીઆ - મંત્રી